# કરુણા અને ઉદારતા

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
## શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*વાણી અગ્રવાલ*

ભારતમાં સ્થિત ગુરુદેવ સિદ્ધપીઠ આશ્રમમાં છ વર્ષ સુધી એક ગુરુકુળ વિદ્યાર્થીના રૂપમાં સેવા અર્પિત કર્યા પછી, સન ૧૯૯૧માં હું એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના સ્ટાફ સદસ્યાના રૂપમાં સેવા અર્પિત કરવા માટે શ્રી મુક્તાનંદ આશ્રમમાં આવી.

હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં આવી તેના થોડા સમય પહેલાં જ મારા વ્યક્તિગત જીવનમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી હતી અને મારી બહુ ઇચ્છા હતી કે હું ગુરુમાઈજીને આના વિશે કહું. આ દરમ્યાન જ્યારે પણ હું ગુરુમાઈજી સાથે રહેતી ત્યારે મેં ઘણીવાર આ વાત કહેવાની કોશિશ કરી, પરંતુ કોઈક કારણસર હું તેમને કહી શકી નહીં.

હું આવી તેના થોડા મહિના પછી, આખરે હું ગુરુમાઈજીને કહી શકી કે મારા જીવનમાં શું થયું હતું.

ગુરુમાઈજીએ પૂછ્યું, “તેં મને પહેલાં કેમ ન કહ્યું?”

મેં જવાબ આપ્યો, “ગુરુમાઈજી, હું પોતે જ સમજી શકતી નથી કે મેં આટલા સમયથી આ વાત મારા મનમાં કેમ રાખી?”

ત્યારે ગુરુમાઈજીએ કંઈક એવું કહ્યું જે ખૂબ જ સુંદર હતું. તેમણે કહ્યું, “जब तुम्हें ऐसा लगे और तुम आगे आकर अपनी बात न बता पाओ तो पत्र लिखकर पूजा में रखो और प्रार्थना करो।” “જ્યારે તને આવું લાગે અને તું આગળ આવીને પોતાની વાત ના કહી શકે તો પત્ર લખીને પૂજામાં મૂકજે અને પ્રાર્થના કરજે.”

થોડા મહિના પછી હું એક એવી પરિસ્થિતિમાં હતી જેમાં મેં ગુરુમાઈજીએ જેમ કહ્યું હતું એમ કરવાનું નક્કી કર્યું. હું ગુરુમાઈજીને ત્રણ પ્રશ્ન પૂછવા માંગતી હતી, પરંતુ હું એ નક્કી નહોતી કરી શકતી કે મારે એ પ્રશ્નો પૂછવા જોઈએ કે નહીં. તેથી, મેં એક પત્ર લખ્યો. એ પત્રમાં મેં મારા ત્રણ પ્રશ્ન એકદમ સ્પષ્ટતાથી અને ટૂંકમાં લખી દીધા. પછી એ પત્રને મેં મારી પૂજામાં મૂકી દીધો અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી.

બીજા દિવસે સવારે હું અનુગ્રહમાં સ્થિત અમૃત તરફ જઈ રહી હતી અને મેં જોયું કે ગુરુમાઈજી સામેથી મારી તરફ જ આવી રહ્યાં હતાં. જ્યારે તેમણે મને જોઈ તો તેઓ મારી સામે આવીને ઊભાં રહ્યાં. તેમની આંખોમાં એક ચમક હતી. તેમણે કહ્યું, “તો તને કેટલાક પ્રશ્નો છે.” પછી તેમણે મારા ત્રણેય પ્રશ્નના જવાબ આપ્યા — અને તેમણે જવાબ એ જ ક્રમમાં આપ્યા જે ક્રમમાં મેં મારા પત્રમાં પ્રશ્ન લખ્યા હતા!

હું આશ્ચર્યચકિત રહી ગઈ. ગુરુમાઈજીએ મારા હૃદયની પ્રાર્થના સાંભળી લીધી હતી! આ અનુભવથી મને એ દૃઢ વિશ્વાસ થઈ ગયો કે હું જ્યાં પણ રહું, મારાં શ્રીગુરુ મારી સાથે છે. જ્યારે પણ હું તેમને પ્રાર્થના કરું છું, મારાં શ્રીગુરુ મારી પ્રાર્થના સાંભળે છે.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.